મેળવી હતી.

સંઘના સભ્યો તપોવન વીશેની માહિતી મેળવવા ઊતાવળા બન્યા હતા. શ્રી સંઘે બાળકોની આ ટીમની ખૂબજ અનુમોદનીય ભક્તિ કરી હતી. ઉપરાંત શ્રી સંઘ તરફથી તપોવનને ભવિષ્યમાં પધારવા માટેના આમંત્રણ પણ મળ્યા હતા.

પ્રેક્ષકોના મોઢે વખાણનો અંત આવતો ન હતો. સૌ બોલતા હતા કે આવો કાર્યક્રમ પહેલાં ક્યાંય જોયો નથી. આ સમગ્ર કાર્યક્રમનું શ્રેય આ ટીમના બાળકો ઉપરાંત તપોવનના મોટાભાઈ-માસીબા, કોરીયોગ્રાફર શ્રી કલાપીભાઈ અને પ્રકાશભાઈના ફાળે જાય છે. ઉપરાંત બલ્લારી સંઘના સક્રીય કાર્યકરોનો સાથ-સહકાર પણ કેમ ભૂલાય?

સમગ્ર કાર્યક્રમ પૂર્ણ કરી બલ્લારીથી વાયા ગુંટકુલ-બોમ્બે થઈ આ ટીમ ૧૪ ઓગષ્ટ રાત્રે ૧૦.૦૦ વાગે તપોવન પરત ફરી હતી.

## ❊ નવસારી તપોવન એટલે... વિવિધતાથી ભરપૂર સંસ્કારમોલ ❊

તપોવન એટલે ઋષિ-મુનિઓની ભવ્ય પરંપરાને ઉજાગર કરતું એક વિશાળ સંકુલ. તપોવન સંસ્કારધામ નવસારીના સ્વપ્નદ્રષ્ટા પૂજ્યપાદ પરમારાધ્યપાદ, વાત્સલ્યવારિધિ, શાસનપ્રભાવક ભાવોદધિ તારક ગુરુમૈયાના સ્વપ્નોને સાકાર કરવા તપોવન સંસ્કારધામ એક પછી એક નવી ક્ષિતિજોને સર કરી રહ્યું છે. બાળકોનો સંસ્કરણ યજ્ઞ પૂરજોશમાં આગળ વધી રહ્યો છે. ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ, તપોવનનો સંચાલન-સંસ્કરણ-શિક્ષણ પરિવાર તથા સર્વ ગુરુજીઓ પોતાની તમામ શક્તિ નવી પેઢીના સંસ્કરણ તથા સકલ જૈન સંઘના ભવ્યાતિભાવિના સર્જન માટે વાપરી રહ્યા છે.

પૂ. ગુરુજીની વાચનાઓ, ગાથાઓ કંઠસ્થીકરણ, શુધ્ધિકરણ, અષ્ટપ્રકારી પૂજા, સંધ્યાભક્તિ, વિવિધ અનુષ્ઠાનો વિગેરે દ્વારા બાળકોનું સુંદર સંસ્કરણ થઈ રહ્યું છે. શિક્ષણ, ધર્મ અને સંસ્કરણના ત્રિવેણી સંગમ દ્વારા બાળક કુળદિપક, શાસન દિપક અને છેલ્લે જગદિપક બને તેવા સતત પ્રયત્ન ચાલી રહ્યા છે. બાળપુષ્પોને તૈયાર કરી સમાજની-રાષ્ટ્રની કાયાપલટ કરવાની પૂ. ગુરુમાની ખેવનાને તેમના શિષ્યો-પ્રશિષ્યો દ્વારા સાકાર કરવાના પ્રયત્નો ચાલુ છે. તેનાજ ભાગરૂપે પર્યુષણા મહાપર્વ માટે આગામી તૈયારીઓ તપોવન સંસ્કારધામ નવસારીમાં લગભગ જુલાઈ મહીનાથી જ શરૂ થઈ ગઈ હતી.

## ❊ પર્યુષણાને વધામણાં રૂપ પૂર્વ તૈયારીઓ ❊

દર વર્ષે જ્યાં જે સ્થળે સાધુ-સાધ્વીજી ભગવંતો પહોંચી શકતા નથી. ત્યાં તપોવનમાં 'વંદન સંસ્કરણ વિભાગ' માં તૈયાર થયેલા બાળકોને આરાધના કરાવવા મોકલવામાં આવે છે. પૂ. શ્રી અનંતસુંદર વિજયજી મ.સા. તથા પૂ. શ્રી યોગરૂચી વિજયજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ આ વિભાગના બાળકોએ ધાર્મિક સૂત્રોની શુદ્ધિ તથા વ્યાખ્યાનની તૈયારીઓ ખૂબજ મહેનતથી કરી હતી. આ



વિભાગમાં શ્રી જ્યોત્સનાબેન, શ્રી રંજનબેન તથા શ્રી ભૂપેન્દ્ર મોટાભાઈએ અનુમોદનીય સેવા પૂરી પાડી હતી. તથા સંગીતકાર શ્રી મુકેશભાઈએ જરૂરી તમામ સૂચનો સાથે બાળકોને સંગીતમાં તૈયાર કર્યા હતા. પૂ. ગુરુજીએ વિવિધ પદાર્થોની છણાવટ કરતી સુંદર તાલીમ પૂરી પાડી બાળકોને પ્રવચનકાર તરીકે વિશિષ્ટ રીતે તૈયાર કર્યા હતા. લગભગ બે મહિના સૂત્રશુદ્ધિનું અભિયાન પૂરજોશથી ચાલ્યુ હતું. આ ઉપરાંત આ વિભાગ સિવાયના બીજા બાળકો માટે પણ હાલરડું, ૨૭ ભવનું સ્તવન, પંચકલ્યાણકની ઢાળ તથા વિવિધ મોટા સૂત્રો તૈયાર કરવાની સ્કીમ પણ રાખી હતી.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ પૂર્વે પર્યુષણ આરાધના કરાવવા જનાર દરેક બાળકોની જવા-આવવાની બંને વ્યવસ્થા રીઝર્વેશન સાથે ગોઠવાઈ ગઈ. ઉપરાંત પૂ. ગુરુજીએ બાળકોને ધ્યાનમાં રાખી ખાસ જણાવ્યું કે ''બાળકો ઉપવાસ કરવાનો ખોટો આગ્રહ રાખશો નહીં, પરંતુ વિધિ પર પૂરતું ધ્યાન રાખજો. તમે પૌષધ એકાસણાં કરીને પણ શુદ્ધવિધિ કરશો તો તે મને ગમશે અને તે માટેની પણ શક્તિ ન હોય તો છેવટે બિયાસણાં કરજો પણ વિધિ શુદ્ધ કરજો અને પ્રવચનો દિલથી સાંભળજો.''

તપસ્વીની વૈયાવચ્ચ માટે સમગ્ર તપોવન પરિવાર પણ ખડેપગે તૈયાર થઈ ગયો, જરૂરી બધી પૂર્વ તૈયારીઓ થઈ ગઈ.

## ❊ અને શરૂ થયા પર્યુષણ મહાપર્વ ❊

તપ, સાધના, પૌષધ, વાચના-પ્રવચનથી પ્રારંભ થયો, પર્યુષણ મહાપર્વનો... સૌના હૈયામાં ઉમંગ છલકાતો હતો. પ્રસન્નતા ફાટફાટ થઈ રહી હતી. આરાધના કરાવવા જનાર બાળકો અલગ-અલગ સંઘમાં પહોંચી ચૂક્યા હતા, અને અહીં તપોવનમાં આનંદની લહેરોએ માઝા મૂકી દીધી હતી. સૌના મુખ ઉપર તેજ અને ઓજ કઈક અલગ જ હતા. સૌ ભક્તિ અને ક્રિયામાં ઓતપ્રોત હતા. પર્યુષણના પ્રથમ દિવસે લગભગ ૨૦૦ બાળકોએ પૌષધ કર્યા હતા. તો સંવત્સરીના દિવસે પણ લગભગ ૯૦% બાળકો પૌષધમાં જોડાયા હતા. તે સિવાય લગભગ ૧૦૯ બાળકોએ ચોસઠ પ્રહરી પૌષધની અનુમોદનીય આરાધના કરી હતી. જેમાં ૧૦ બાળકોએ ચોસઠ પ્રહરી પૌષધ સાથે અઠ્ઠાઈ તપની આઠે-આઠ દિવસની શુદ્ધ વિધિ ઊભા-ઊભા પ્રતિક્રમણ સાથેની અકલ્પનીય આરાધના કરી હતી.

પૂ. ગુરુજીની પ્રેરણાને ઝીલીને નિત્ય બે કાળ પ્રતિક્રમણ, પડીલેહણ, દેવવંદન, વાચનાશ્રમણ જેવી વિધિમાં બાળકો ભાવપૂર્વક જોડાયા હતા. સમગ્ર દિવસમાં વાચના પૂ. અનંતસુંદર વિ.મ.સા., પૂ. યોગરૂચી મ.સા. દ્વારા ગીરનાર તથા શત્રુંજયની ભાવયાત્રા, પૂ. રાજર્ષી વિ.મ.સા. દ્વારા ૧૪ રાજલોકની યાત્રા બાળકોને કરાવવામાં આવતી. પૂ. ગુરુજીઓના રોજના પ્રવચનો બાળકોને આરાધનાનું નવુ જોમ આપતા હતા. વાચનાના અંતે પ્રશ્નો પૂછી યોગ્ય જવાબ આપનાર બાળકોને ઈનામ આપવામાં આવતા. આ ઉપરાંત રોજ શ્રેષ્ઠ આરાધના